**સેશન્સ કેસ નં.૩૮/૨૦૦૯ વિગેરે**

**::– આંક–૨૫૮ હેઠળનો હુકમ –::**

**(૧)** હાલની અરજી આ કામના ત્રણ જુદા,જુદા ન્યાયીક હવાલાતમાંના આરાપીઓએ કરી એવી રજુઆત કરેલી છે કે જેઓને જે કાંઈ જરુરી અરજીઓ કરવાની હોઈ છે તે માટે તેઓને પારાવાર હાલાકી પડે છે અને આવી અરજીઓ કરવા માટે તેઓને જરુરી કાગળો મળતા નથી તથા તેમની અરજી ખોવાઈ જાઈ છે, આમ બનતું હોવાના કારણે તેઓને ખુબ જ હાલાકી ભોગવવી પડે છે.

**(૨)** આ અરજી સંદર્ભે મારા પુરોગામી વિ.ન્યાયધીશ બંધુશ્રીએ જેલ સત્તાવાળાઓના રીમાર્કસ મંગાવેલા છે, જે આ કામે આંક–૨૫૯ થી રજુ કરી એવી રજુઆત કરેલી છે કે તેઓને અરજી પેપર્સ આપવામાં આવે છે પરંતુ તેઓને જે કારણોસર અરજી કરવાના પેપર્સ આપવામાં આવે છે તેનાથી વિરુધ્ધ જઈ આરોપીઓ જેલ પ્રસાશન સામે ખોટા આક્ષેપો કરી અરજી કરે છે.

ઉપરોકત અરજી બાબતે એવું સ્પષ્ટ થાય છે કે આરોપીઓને જેલ પ્રસાશન દ્રારા કોરા કાગળો આપવામાં આવે છે. વધુમાં આ કામના આરોપીઓ દ્રારા અનેક અરજીઓ રેકોર્ડ ઉપર આવેલી છે, તે જોતાં એવું માનવાને કારણ નથી કે જેલ સત્તાવાળાઓ તરફથી આરોપીઓને કોરા

કાગળો આપવામાં આવતાં નથી. વળી વિપુલ માત્રામાં અરજીઓ પણ મળ ે છે તેથી અરજી મોકલવામાં આરોપીઓને તકલીફ હોવાનું માની શકાતું નથી. જેથી અરજદારોની આ અરજી તથ્ય વિહીન લાગે છે, તેથી તે અરજી રદ્દ કરવા સરખી જણાઈ આવે છે.

(૩) વધુમાં આ અદાલતના મતે દર ૧૪ દિવસે આરોપીઓનું પ્ર ોડકશન લેવામાં આવે છે ત્યારે પણ આરોપીઓ અદાલતને તેમના વિ.વ.શ્રી દ્વારા મૌખિક રજુઆત કરી શકે છે અને કરતા પણ હોય છે. આ સંજોગોમાં આરોપીઓને તેમની ફરીયાદ કે રજુઆત બાબતે કોઈ મુશ્કેલી હોવાનું આ અદાલત માનતી નથી. જેથી તેઓની તે અરજી રદ્દ કરવા સરખી લાગેલી હોઈ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

આંક–૨૫૮ વાળી અરજી રદ કરી તે રીતે ફેંસલ કરી.

આ હુકમ આજ રોજ તા.ર જી માહે– મે, સને–૨૦૧૨ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

અમદાવાદ
તા.ર–૫–૨૦૧૨

(ડો.શ્રીમતી જયોત્સના યાજ્ઞિક)
વિશેષ ન્યાયાધીશ,
ડેઝીગ્નેટેડ કોર્ટ ફોર સીરીયલ બોમ્બ
બ્લાસ્ટ કેસીસ,
કેમ્પ–અમદાવાદ